તાપમાન
મહત્તમ : ૩૨.૦ ડીગ્રી
લઘુતમ : ૧૮.૦ ડીગ્રી
ભેજ
સવારે ૫૨ ટકા ● સાંજે ૨૯ ટકા

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૩૪૧ | ૨૨ ફેબ્રુઆરી, ૨૦૧૬, સોમવાર ; મહા સુદ - ૧૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# ગુજરાત સહિત પાંચ રાજ્યોમાં હાઈ એલર્ટ

**સેન્ટ્રલ ઈન્ટેલીજન્સ બ્યુરોએ આપ્યા ઈનપુટ : લશ્કર-એ-તોઈબા આતંકી સંગઠન ફિદાયીની હૂમલાની તૈયારીમાં હોવાનો ઈનપુટ : ગુજરાતના અમદાવાદમાં સ્થિત વિશ્વ હિન્દુ પરીષદનું કાર્યાલય નિશાના પર : રાજસ્થાન, દિલ્હી, પશ્ચિમ બંગાળ અને કર્ણાટક પણ નિશાન પર**

ગાંધીનગર, તા. ૨૧

લશ્કર-એ-તોયબા ફિદાયીની હૂમલા કરવાની તૈયારી કરતુ હોવાના ઈનપુટ સેન્ટ્રલ ઈન્ટેલીજન્સ બ્યુરોએ આપ્યા છે. ગુજરાત સહિત પાંચ રાજ્યોના ચોક્કસ સ્થળોમાં માનવ બોમ્બ વડે આતંકી હૂમલો કરવામાં આવે તેવા ઈનપુટને પગલે પાંચેય રાજ્યોમાં હાઈ એલર્ટ જારી કરી દેવામાં આવ્યું છે. ગુજરાતના અમદાવાદમાં સ્થિત વિશ્વ હિન્દુ પરિષદના કાર્યાલય નિશાના પર હોવાના ઈનપુટ છે. તે ઉપરાંત દિલ્હી, રાજસ્થાન, પશ્ચિમ બંગાળ અને કર્ણાટકના પણ ચોક્કસ સ્થળો લશ્કર-એ-તોઈબાના નિશાન પર હોવાના ઈનપુટથી પાંચેય રાજ્યોમાં એ.ટી.એસ., એસઓજી સહિત પોલીસ હરકતમાં આવી ગઈ છે.

ભીડભાડવાળા સ્થળો પર માનવને જ બોમ્બ સાથે મોકલીને ધડાકો કરી અનેકના જીવ લેવા લશ્કર-એ-તોઈબાએ ફિદાયીન તૈયાર કરેલા છે. જે પોતાના શરીર પર બોમ્પ લગાવીને લશ્કર-એ-તોઈબાના સુપ્રિમ કમાન્ડર જૈશે મહમ્મદના ઈશારે ભીડભાડવાળા સ્થળે પહોંચી જાય અને ફિદાયીની હૂમલો કરી આંતક ફેલાવે..! આ પ્રકારે પાંચ રાજ્યોમાં ચોક્કસ સ્થળો પર ફિદાયીની હૂમલો થવાના ઈનપુટ સેન્ટ્રલ આઈ.બી.ને મળતા ગુજરાત, દિલ્હી, રાજસ્થાન, કર્ણાટક અને પશ્ચિમ બંગાળ પાંચેય રાજ્યોને ઈનપુટ આપ્યા છે. સેન્ટ્રલ આઈ.બી.ના ઈનપુટને પગલે પાંચેય રાજ્યોમાં એક્ટી ટેરીરીસ્ટ સ્કવોર્ડ તથા સ્પેશ્યલ ઓપરેશન ગ્રુપ સહિત પોલીસને સક્રીય કરી દેવામાં આવી છે. પોલીસે તમામ શકમંદોનું ચેકીંગ શરૂ કરી દીધુ છે અને હોટલ-ગેસ્ટહાઉસ તથા મકાન ભાડે રાખીને તાજેતરમાં રહેવા આવેલા વ્યક્તિઓની પણ તપાસ શરૂ કરવામાં આવી છે. ગુજરાતના અમદાવાદ સ્થિત વિશ્વ હિન્દુ પરીષદના કાર્યાલય, રાજસ્થાનમાં જયપુર, પશ્ચિમ બંગાળના કોલકત્તા, દિલ્હીનું એક મ્યુઝીયમ અને કર્ણાટકના એક ચોક્કશ લોકેશન પર ફિદાયીની હૂમલાના સેન્ટ્રલ આઈ.બી.એ ઈનપુટ આપ્યા છે.

# પાટીદાર આંદોલન આજકાલમાં સમેટાશે

**પાટીદાર અગ્રણીઓ તેમજ સરકાર વચ્ચે સમાધાનની ફોર્મ્યુલા નિશ્ચિત : હાર્દિક પટેલને આજે પારણા કરાવાયા : ટુંકમાં જ પાટીદાર નેતાઓને જેલમાંથી પણ મુક્ત કરાશે : જયરામભાઈ પટેલની વાયરલ થયેલી ઓડીયો ક્લીપમાં સ્પષ્ટ સંકેતો**



ગાંધીનગર તા ૨૧

અનામતના મુદ્દે છેડાયેલા પાટીદાર આંદોલનનો ટુંકમાં જ અંત આવી જશે. આજે હાર્દીક પટેલને જેલમાં પારણા કરાવી દેવાયા છે. પાટીદાર સમાજના આગેવાનોની સરકાર સાથેની પરામર્શના અંતે પાટીદાર આંદોલનમાં સમાધાનકારી નીતી અપનાવાની ગતિવિધિઓ તેજ બની છે. આગામી તા ૨૩ ફેબ્રુઆરી સુધીમાં પાટીદાર અને સરકાર વચ્ચે સમાધાન નિશ્ચિત હોવાના સંકેતો પણ પ્રાપ્ત થયા છે. ત્યારે હાર્દીક સહીતના પાટીદાર નેતાઓને જેલમાંથી મુક્ત કરી દેવાશે જેલમાં ઉપવાસ પર ઉતરેલા પાટીદાર નેતા હાર્દિકની તબિયત લથડયા બાદ આજે પારણાં કરાવી દેવાયા છે. પાટીદાર આંદોલનને લઈ જયરામ પટેલની આજે વાયરલ થયેલી ઓડીયો ક્લીપમાં પાટીદાર આંદોલનનો ટૂંકમાં જ સમાધાન થઈ જશે તેમજ હાર્દિક પટેલ સહિતના અન્ય સમાજના આગેવાનોને પણ જેલમાંથી મુક્ત કરી દેવાશે તેવી ઓડીયો ક્લીપ વાયરલ થઈ હતી. જયરામભાઈ પટેલના નામે વાયરલ થયેલી આ ઓડીયો

● અનુસંધાન પાન-૭ પર


પરદેશ પાર્સલ સેવા
CHIPS Express Pvt Ltd
10+ U.K. : 170/-
30+ U.S.A. : 260/-
30 + CANADA : 340/-
Preeti Mall, F-2, Opp. City Mall-2, KALOL.
M.: 9227706105
9898036257
ATARIA, The Business Hub, Shop No. B-32, 'KH-0', Sargasan 4 Roads, Gandhinagar. M. 9227706105.
chipsairinternational@yahoo.co.in
www.chipsairexp.com



॥ શ્રી ગણેશાય નમઃ ॥
હોટલ ધ ગ્રાન્ડ મિડવે
● રેસ્ટોરન્ટ ● બેન્કેવટ હોલ ● રૂમ ●
ગાંધીનગરમાં સૌપ્રથમ વાર ૧૦ મે માળ રિસોર્ટ, રજવાડી અને સ્કાય લુક કુદરતી વાતાવરણમાં સ્વાદિષ્ટ ભોજનનો લાભ લેવા ગાંધીનગરના સર્વે નગરજનોને અમારુ આમંત્રણ છે.
સ્પે. ઓફર ૧૫% ડિસ્કાઉન્ટ
સ્વાદિષ્ઠ ભોજન
● પંજાબી
● ચાઇનીઝ
● સાઉથ ઇન્ડીયન
● કાઠીયાવાડી
● ગુજરાતી
સ્પેશ્યીલીસ્ટ
● બર્થ ડે પાર્ટી
● રીંગ સેરેમની
● મેરેજ હોલ
● મીટીંગ હોલ
● કોન્ફરન્સ મીટીંગ
● આઉટડોર કેટરીંગ
સુમન સીટી, સીને મેક્સ થીયેટરની ઉપર, ૧૦ મો માળ, સેક્ટર -૧૧, ગાંધીનગર
(મો) 99793 59233, 99254 49233
(ફોન) 079 232 22282/84
લીફ્ટની સંપૂર્ણ વ્યવસ્થા છે.




Education For Freedom
SINCE 2007
SAHJANAND SCHOOL OF ACHIEVER
K.G. TO STD 10 (Gujarati & English Medium)
ગુજરાતની એકમાત્ર સ્કૂલ જેનું મુખ્ય ધ્યેય છે શ્રેષ્ઠ શિક્ષણ
અમારી શૈક્ષણિક પદ્ધતિના ઘડવૈયા


અમારી શિક્ષણ પદ્ધતિ શ્રેષ્ઠ છે તેનો પુરાવો
ધોરણ ૧૧ તથા ૧૨ સાયન્સ


સળંગ ચાર વાર બોર્ડમાં પ્રથમ નંબર મેળવનાર ગુજરાતની એકમાત્ર સ્કૂલ
સૌથી વધુ ડોક્ટર્સ તથા એન્જિનિયર્સ આપતી સંસ્થા




ટ્રાન્સપોર્ટ તથા હોસ્ટેલ સુવિધા ઉપલબ્ધ
-: વિશેષતાઓ :-
1. ફરજીયાત અંગ્રેજીમાં વાતચીત
2. નિષ્ણાંત શિક્ષકગણ
3. ફરજીયાત વિજ્ઞાન પ્રોજેક્ટસ
4. દૈનિક વર્તમાનપત્રનું વાંચન
5. રમતના મેદાનો
- ટેનિસ કોર્ટ
- ક્રિકેટ મેદાન
- બાસ્કેટ બોલ કોર્ટ
- સ્કેટીંગ
6. ઇનડોર ગેમ્સ
70 43 60 60 60
ગાંધીનગર, નરોડા તથા દહેગામથી ૧૦ કિ.મી.ના અંતરે
બાળકમાં અભ્યાસની રૂચી જળવાઇ રહે તે શાળાનું કર્તવ્ય છે.
KG to 10: Moti Shiholi, Chiloda, STD 11-12 Science: 472/B, Nr. Kh-0 Circle, Sargasan, Gandhinagar, 84 60 40 88 80